
# અમદાવાદના શાહપુરમાં પુનઃ હિંસા



**૮૦થી વધારે શેલ છોડાયા : સ્થિતિને કાબૂમાં લેવા પોલીસને હવામાં ગોળીબારની ફરજ પડી : આરોપીને પકડવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમ પહોંચી ત્યારે મામલો બિચક્યો હોવાના અહેવાલ : બકરી ઈદના એક દિવસ પહેલા જ જોરદાર પથ્થરમારો**



અમદાવાદ,તા. ૫ બકરી ઈદની ઉજવણી કરવામાં આવે તેના એક દિવસ પહેલા જ અમદાવાદ શહેરના અતિ સંવેદનશીલ ગણાતા શાહપુર વિસ્તારમાં આજે જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. હિંસાના કારણે સમગ્ર વિસ્તારમાં વિસ્ફોટક સ્થિતી ઉભી થઈ હતી.પ્રાપ્ત અહેવાલ મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમ એક આરોપીને લેવા માટે ગઈ ત્યારે કેટલાક શખ્સોએ પોલીસ કાફલા પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. રંગીલા પોલીસ ચોકીની આસપાસ અને તેની બિલકુલ નજીક આવેલા વિસ્તારમાં હિંસાની શરૂઆત થઈ હતી. પથ્થમારો થયા બાદ મોટી સંખ્યામાં ટોળાને કાબુમાં લેવા માટે પોલીસે હવામાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. પોલીસે ૧૦ રાઉન્ડ હવામાં ગોળીબાર કર્યો હતો. જ્યારે બીજી બાજુ બે રાઉન્ડ ખાનગી ગોળીબાર કરવામાં આવ્યો હતો.સાવચેતીના પગલારૂપે સઘન

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

મંઝીલે પહોંચે એવા જન,
દોડે છે જે હાંફીને, શું ખાક
એ પહોંચે મંઝીલ પર, ચાલે
છે જે રસ્તો માપીને
- જલન માતરી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૫ | ૬ ઓકટોબર, ૨૦૧૪, સોમવાર; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જન ધન યોજનામાં ગાંધીનગરની ૧૦૦ ટકા સિધ્ધિ

## જિલ્લામાં ૩૫ દિવસમાં ૬૦ હજારથી વધુ બેંક ખાતાં ખુલ્યા

## જનધન યોજનાને કારણે જિલ્લાના અર્થતંત્રમાં હવે નવો વેગ આવશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાએ જનધન યોજના અંતર્ગત તમામ ઘરની એક વ્યકિતનું બેંકમાં ખાતુ ખોલી ૧૦૦ ટકાની સિધ્ધિ મેળવી છે. રાજયમાં પ્રથમ ત્રણ જિલ્લામાં ગાંધીનગરે આ સ્થાન મેળવ્યું છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨,૮૯,૯૯૦ જેટલા મકાન માલિકોના ખાતા ખોલી દેવામાં આવ્યા છે. જનધન યોજના અમલમાં આવ્યા બાદ ૬૦ હજાર જેટલા ખાતા ૨જી ઓકટોબર સુધીમાં ખોલી આ સિધ્ધિ ગાંધીનગર જિલ્લાએ મેળવી છે.

ગાંધીનગર જિલ્લાની આ સિધ્ધિ માટે જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે તાજેતરમાં જ લીડ બેંક દેના બેંકના ઝોનલ મેનેજરશ્રી ધનંજયકુમારને આ સિધ્ધિ માટે અભિનંદન આપતો પત્ર અને પ્રમાણપત્ર એનાયત કર્યું છે.

જનધન યોજના એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગષ્ટે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરતાં જાહેર કરી હતી. આ પછી ૨૮મી ઓગષ્ટે તેનું વિધિવત લોચીંગ કરાયું હતું. ૨૮મી ઓગષ્ટ થી ૨જી ઓકટોબર દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૬૦ હજાર જેટલા બેંકોમાં નવા ખાતા ખોલવામાં આવ્યા છે. ૩૫ દિવસના જ સમય ગાળામાં બેંકોએ આ અનોખી સિધ્ધિ મેળવી છે.

ગાંધીનગર જિલ્લામાં હવે એક નવું અભિયાન પણ હાથ ધરવામાં આવનાર છે જેમાં દરેક ઘરની એક મહિલાનું ખાતું ખોલવા માટેનું છે.

જનધન યોજના અંતર્ગત હજુ પણ ખાતાં ખોલવાનું અભિયાન ચાલુ હોવાનું બેંકોના સૂત્રોએ જણાવ્યુ છે. રૂ. એક લાખનો અકસ્માત વીમો એ.ટી.એમ. ખાતુ કાર્યરત થયાના છ માસમાં અપાશે તેમ જાણવા મળેલ છે.

જનધન યોજના અંતર્ગત મહિલા સભ્યોએ સારો રસ દાખવ્યો હોવાથી હવે બેંકો મહિલાઓના બચત ખાતા વધુ ખુલે તે દિશામાં આખી વ્યુહરચના તૈયાર કરવામાં આવીરહી હોવાનું જાણવા મળેલ છે.

રાજયમાં મહેસાણા, પોરબંદર બાદ ગાંધીનગર જિલ્લાએ ૧૦૦ ટકા મકાન માલિકોને આવરી લીધા છે. આમ ગાંધીનગર જિલ્લો એ રાજયના પ્રથમ ત્રણ જિલ્લામાં સ્થાન પામ્યો છે.

જનધન યોજનાને કારણે જિલ્લાના અર્થતંત્રમાં હવે નવો વેગ આવશે. જો કે ક્રેડિટ ડિપોઝીટ રેશિયોમાં કેટલો સુધાર આવે છે તેના પર સૌની નજર છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઉનાળાનો અહેસાસ - આસોમાં ચૈત્રનો અહેસાસ થાય છે... ગ્લોબલ વૉર્મિંગની અસર સમગ્ર પૃથ્વી પર વર્તાય છે... આસોના ઉત્તરાર્ધમાં ઠંડક થવાને બદલે વધતી જતી ગરમી પશુ-પક્ષીઓને પરેશાન કરે છે... ૩૬ થી ૩૮ ડીગ્રીના તાપમાનમાં અબોલ પક્ષીઓ પીવાના પાણીના કુંડામાં છબછબીયા કરીને ઠંડક મેળવે છે...

# વરદાયીની માતાની પલ્લી મંદિરમાં શરદપૂનમ સુધી દર્શનાર્થે રહેશે

## પલ્લીજ્યોતના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ, હાલ પણ પલ્લી ઉપર માનતાનુ ઘી ચડી રહ્યુ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના રૂપાલમાં લાખ્ખો કીલો ઘી ના અભિષેક થકી વરદાયીની માતાની કૃપા મેળવતા માઢમાંથી વરદાયીની માતાજીની પલ્લીનો પરંપરાગત વિધિવિધાનપૂર્વક ઘી ના અભિષેકથી પ્રારંભ થયો હતો જે ગામના ૨૭ ચકલા પસાર કરી નિજ મંદિરે પલ્લી પહોંચી હતી. દરમ્યાન રૂપાલ ગામમાં રીતસર ઘીની નદીઓ વહેતી થઈ હતી અને શ્રદ્ધાળુઓ પોતાની માનતાઓ પુરી કરી રહ્યા હતા. જય જય અંબેના જય ઘોષ સાથે પલ્લીને ગામમાંથી મંદિર સુધી જતાં લગભગ દસ લાખથી વધુ દર્શનાર્થીઓએ લાભ લીધો હતો.



અનેક પરચાથી ભરપૂર માતાજીની પલ્લી હાલ મંદિરમાં સ્થાનકે બિરાજમાન છે અનો દર્શનાર્થીઓ દર્શને ઉમટી રહ્યા છે. શરદપૂનમ સુધી માતાજીની આ પલ્લીના દર્શન થઈ શકવાના હોવાથી શ્રદ્ધાળુઓએ આસો સુદ નોમના દિવસે માનતાઓ પૂર્ણ કરી છે. શુક્રવાર રાત્રીએ વરદાયીની માતાની પલ્લી ઉપર લગભગ સાડા પાંચ લાખ કિલો શુધ્ધ ઘી નો અભિષેક થયો હતો. ત્યાર બાદ હાલ મંદિરમાં પલ્લીના સ્થાનકે પણ શ્રદ્ધાળુઓ દ્વારા માનતાનું ઘી ચડાવાઈ રહ્યું છે. શરદપૂનમ સુધી પલ્લીની જ્યોત પ્રજવલિત રહેશે અને તેના દર્શન થશે. જેથી અનેક શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લેવા ઉમટી રહ્યા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

વિશ્વભરમાં કોઈ ધાર્મિક પ્રસંગે ઘીની નદીઓ વહેતી હોય તો તે ગાંધીનગરનું રૂપાલ માતાજીના અપાર પરચાથી જગ વિખ્યાત બન્યુ છે. લગભગ સાડા પાંચ લાખ કિલો ઘી એટલે કે વીસ કરોડ રૂપિયાનો ઘી નો વરદાયીની માતાજીને અભિષેક થયો હતો. શુક્રવાર મોડી રાત્રે અને શનિવારની વહેવી પરોઢે રૂપાલ શ્રદ્ધાળુઓ મંદિરમાં હાલ પણ ઘી ચડાવી માનતા પુરી કરી રહ્યા છે. પલ્લીની જ્યોતના દર્શન તેમજ સંતાનને ઘીવાળા કરવાની માનતાએ મંદિરમાં પલ્લી ઉપર હજુ પણ ઘીના અભિષેક યથાવત રહ્યો છે. પાંડવો સમયથી આ ધાર્મિક પરંપરા રૂપાલ ગામમાં થઈ રહી છે. અને વરદાયીની માતાજીના પરચાના ફળસ્વરૂપ જ શ્રદ્ધાળુઓમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જો કે પ્રશાસન દ્વારા થયેલા શ્રેષ્ઠ આયોજનથી પણ આ ધાર્મિક પ્રસંગ રંગેચંગે ઉજવાયો હતો.

# અમદાવાદમાં તોફાનોને પગલે ગાંધીનગર પોલીસ એલર્ટ

## સઘન નાઈટ પેટ્રોલીંગ, ગેસ્ટ હાઉસ ચેકીંગ અને સંવેદનશીલ વિસ્તારોમાં વોચની ડીએસપીની સુચના : એસઓજી પીઆઈને બહિયલ અને એલસીબી પીઆઈને કલોલ રહેવા આદેશ

ગાંધીનગર, તા. ૫

અમદાવાદના ખાનપુર અને શાહપુર વિસ્તારમાં આજે સમી સાંજથી શરૂ થયેલા તોફાનો, પથ્થરમારો અને એસીડ હુમલાને લઈ વણસેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને ગાંધીનગર ડીએસપીએ જિલ્લા પોલીસને એલર્ટ કરી દીધી છે. સઘન નાઈટ પેટ્રોલીંગ ઉપરાંત ગેસ્ટ હાઉસોમાં ચેકીંગ તથા સંવેદનશીલ વિસ્તારોમાં સતત વોચ રાખવા એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસને આદેશ આપી દીધા છે.

ગાંધીનગર જિલ્લામાં અમદાવાદના તોફાનનો રેલો ન પહોંચે અને પરિસ્થિતિ વણસે નહી તે માટે ગાંધીનગર ડીએસપી શરદ સિંઘલે એલર્ટ જારી કરી દીધુ છે. કોમ્બીંગ નાઈટ અને શહેરના પ્રવેશદ્વારો પર વાહનચેકીંગના આદેશો ઉપરાંત નાઈટ પેટ્રોલીંગ સઘન રાખવા અને સંવેદનશીલ તથા અતિ સંવેદનશીલ વિસ્તારોમાં સતત વોચ રાખવા સુચના આપી દેવામાં આવી છે. તે ઉપરાંત બહિયલ વિસ્તારમાં એસ.ઓ.જી. પી.આઈ. અને કલોલ વિસ્તારમાં એલસીબી પી.આઈ.ને રહેવા આદેશ જારી કરવામાં આવ્યા છે. તે ઉપરાંત કલોલ અને દહેગામમાં એક-એક ડીવાયએસપી કક્ષાના અધિકારી પણ રાતભર રહેશે. વડોદરા શહેર બાદ અમદાવાદમાં શરૂ થયેલા તોફાનોને લઈ પરિસ્થિતિ કોઈ પણ સમયે તંગ બની શકે તેવી દહેશતને પગલે પોલીસ એલર્ટ કરી દેવામાં આવી છે.

# જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો ફિયાસ્કો

## ત્રણ ગ્રામસભાએ એક પ્રશ્ન રજુ થયો : ૧૮૦ ગ્રામસભામાં માત્ર ૧૯ હજાર લોકોએ જ હાજરી આપતાં તંત્ર ચોંકી ઉઠ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાનને સંપૂર્ણ નિષ્ફળતાઓ સાંપડી છે. ૧૮૦ જેટલા ગામોમાં ગ્રામસભા અભિયાન સંપન્ન થઈ ચુક્યું છે જેમાં ૧૯ હજાર લોકોએ માત્ર હાજરી આપી છે. અર્થાત ગામદીઠ માંડ સરેરાશ ૧૦૦ લોકોએ જ હાજરી આપી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૮૦ ગામોમાં ગ્રામસભામાં માત્ર ૬૪ પ્રશ્નો રજુ થયા છે. અર્થાત્ ત્રણ ગ્રામસભાએ એક પ્રશ્ન રજુ થયાની સરેરાશ થાય છે. સૌથી વધુ પ્રશ્નો વીજળી, એસ.ટી., માર્ગ, પંચાયત અને મહેસુલને લગતા રજુ થયા છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો આ પચ્ચીસમો તબક્કો ૨૫-૯-૨૦૧૪ થી શરૂ થયો છે. અને ૧૫-૧૦-૨૦૧૪ સુધી ચાલવાનો છે. આ ગ્રામસભા અભિયાનને મળી રહેલા નબળા પ્રતિસાદથી સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠ્યા છે.

આ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૬૪ પ્રશ્નો પૈકી ૪૫ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે ૧૯ પ્રશ્નો ઉકલ્યા વગરના રહેવા પામ્યા છે. ગ્રામસભામાં રજુ થયેલા પડતર પ્રશ્નોના નિકાલમાં તંત્રની ઉદાસીનતા પણ અભિયાનની નિષ્ફળતાનું કારણ હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનમાં ગાંધીનગર તાલુકામાં સૌથી નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. તો દહેગામ તાલુકામાં લોકોની હાજરી ૩ ટકાથી ૩૦ ટકા સુધીની ગામની વસ્તીના પ્રમાણમાં નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે. કલોલ-માણસામાં પણ ઠીક ઠીક પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

